

## સલામી સવારની..

પારિવારિક પેંતરા જ મોટી જફા થઈ જશે!
ખંખેરવા પડશે હાથ પ્રજા ખફા થઈ જશે!
દફા થઈ જશે યુપી રાજકારણમાંથી સાવ -
આપસની લડાઈમાં જ સપા સફા થઈ જશે!

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પિતા-પુત્રને,
સત્તા મહત્વાકાંક્ષા -
બનાવે અંધ...

મરે ન માયા,
જાગે મૃત્યુ મુખેથી -
'અમર' સિંહ...

હાઈકુ

### ચિંતન

**કન્યા વરયતે રૂપં, માતા વિત્તં, પિતા શ્રુતમ્ ।**
**બાન્ધવા : કુલ મિચ્છન્તિ, મિષ્ટાન્ન મિતરેજના : ॥**

કન્યા રૂપ જોઈને વરે છે, માતા ધન તથા પિતા વિદ્વતા ઈચ્છે છે. સગા-સંબંધીઓ કુળ ઈચ્છે છે. જયારે બીજા લોકો મિષ્ટાન ઈચ્છે છે.

કોઈ વસ્તુ -બાબત-બનાવ-નિર્ણય માટે દરેક વ્યક્તિના નિર્ણય-પોતાના સ્વભાવ-સ્વાર્થ-સંબંધ અને વ્યક્તિત્વના ચારિત્ર્યના દ્રષ્ટિકોણ મુજબ અને એ સંદર્ભમાં જ હોય છે.

દા.ત. પુત્ર બારમા ધોરણમાં હોય ત્યારે, પિતા એવું ઈચ્છે છે કે પોતે પ્રસ્થાપિત કરેલ ધંધો-ઑફિસ-હોસ્પિટલ સંભાળે માતા પદ-પ્રતિષ્ઠા-પૈસો જુએ છે - પુત્ર-સંતાન જાતે પોતાના શોખ કે 'નજીક' ના મિત્રોનો સહવાસ રહે તેવી 'લાઈન' માં જોડાય છે.

જયારે યુવાન પોતાના માટે 'પત્ની'ની પસંદગી માટે 'કન્યા' જોતો હોય ત્યારે પણ, યુવાનના, માતા-પિતાનાં, સંબંધીઓનો નિર્ણયના માપદંડ પોતાના 'દ્રષ્ટિકોણ' મુજબ જ હોય છે માટે જ 'આત્માનો અવાજ' સાંભળવો.

### સુવિચાર

- તમામ ન્યાય કરતાં શાંતિ વધારે અગત્યની છે, શાંતિનું અસ્તિત્વ ન્યાય માટે નથી, પણ ન્યાયનું અસ્તિત્વ શાંતિ માટે છે - **માર્ટીન લ્યુથર**
- કીર્તિ કદી શબ્દોનું શરણું લેતું નથી - **ખલીલ જીબ્રાન**
- સજ્જન પુરુષો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી દે છે - **ભર્તૃહરિ**
- ગુસ્સો એક એવો ખર્ચાળ વિલાસ છે, કે અમુક આવકવાળા માણસોને જ તેનો શોખ પોસાય - **ઓરેલીયસ**
- જે ખુશી આપણે પ્રાપ્ત કરીએ છીએ તેનો શ્રમ લાગે છે પણ જે ખુશી બીજાને આપીએ છીએ તેનો શ્રમ કદીએ લાગતો નથી- **એસ.ભટ્ટાચાર્ય**
- તનની ગરીબી કે ધનની ગરીબી, કોઈ પણ પ્રકારની ગરીબી, ઈશ્વર સાથે આપણો સંબંધ પ્રસ્થાપિત કરે છે - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : ઘા ને પાકતો અટકાવવા નવશેકી મલાઈ ગરમ કરી ઘા પર બાંધવી

(સંકલન : દિપક વી. આસરા)

### બોધકથા

ઈશ્વર, વિધિ, વિધાતા, ભાગ્ય એ હકિકત છે, પણ એ બધાના પાયામાં નક્કર પુરુષાર્થ તો પ્રથમ છે જ. કર્મની સિદ્ધિ માટે વાતાવરણ, કર્તા, સાધન, પ્રોસેસ અને પુરુષાર્થ હોય તો એ પાંચમું નસીબ થાય છે. (ગીતાજી ૧૪/૧૮)

નૌશીર ભલો યુવાન હતો પણ જિંદગીભર દુઃખી રહ્યો - મહેનત કરે, ફળ ન મળે, વેપાર કરે ખોટ જાય, નોકરી તૂટી જાય. કોઈએ સલાહ આપી. 'ખોદાયજી' ને પ્રાર્થના કરી, પ્રસન્ન કર, ખૂદાયજી તને લોટરી લગાડશે - પંદર વીસ - લાખ મળી જશે. નૌશીરના વાત ગળે ઉતરી.

ભારતના આતશ મહેરામથી ઓળખાતાં અગ્નિમંદિરોની યાત્રા આઠ-આટ વાર કરી, 'પાંચ કીલો સુખડની માચી ચડાવસ' કહી માનતા માની - પૈસા ખલાસ થઈ ગયા - ઉધાર લીધા, પણ આ વખતે ભક્તિ-યાત્રા ન છોડ્યાં તે ન જ છોડ્યાં. એક રાત્રે પ્રાર્થના કરી નૌશીર રડતો-રડતો સૂઈ ગયો. અંતે 'આતશ પાદશાહ' સ્વપ્નમાં હાજર થયા. કહ્યું, 'નૌશીર તારી શ્રદ્ધા-ભક્તિથી હું પ્રસન્ન થયો છું મન પન તને મદદ નથી કરી શકતો.'

નૌશીર કહે- પણ તમે તો ખૂદાયજી છો - તમને શું તકલીફ છે?!

આતશ પાદશાહ કહે - 'પન નૌશીર પેલ્લાં તું લોટરી ખરીદવાનો પુરુષાર્થ તો કર!!'

# સરકારમાં સંકલનની કટોકટી

રાજય સરકારના ત્વરિત નિર્ણયોની શ્રૃંખલામાં આર્થિક પછાત વર્ગ માટે જાહેર કરાયેલ દસ ટકા અનામતનો નિર્ણય ઉતાવળે પાછો ખેંચી લેવાનો હુકમ ફક્ત વિવાદાસ્પદ જ નહીં, હાસ્યાસ્પદ પણ બની રહ્યો છે. સાંજે છ વાગ્યે કરાયેલ પરિપત્ર રાત્રે દસ વાગ્યે રદબાતલ જાહેર કરવો પડ્યો તે કેવી શરમજનક ઘટના છે! મુખ્યમંત્રી વિજય રૂપાણી જે મંત્રીમંડળના સભ્ય હતા તેમજ પાર્ટીના પ્રદેશ પ્રમુખ હતા તે એમના પુરોગામી મંત્રીમંડળ અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા પાટીદાર સમાજને પ્રચંડ આંદોલનના પગલે લેવાયેલ આ નિર્ણય બંધારણીય કક્ષાએ ટકી શકે એમ ન હોવાનું તો સર્વવિદિત હતું. છતાં હરિયાણા અને રાજસ્થાનની વસુંધરા રાજે સરકારે સવર્ણ ગણાતી જ્ઞાતિને આપેલ વિશેષ અનામતની જેમ ગુજરાત સરકારે પણ પાટીદાર સમાજ સહિત તમામ સવર્ણ જ્ઞાતિઓને દસ ટકા અનામત ફાળવી એ મુદ્દે ઊભા થયેલા અસંતોષને ડામવાનો પ્રયાસ કરી જોયો હતો. ગુજરાત હાઈકોર્ટમાં આ સરકારી આદેશ ટકી નહોતો શક્યો, તેથી સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. સુપ્રીમ કોર્ટે ઉઘડતા સત્રે અપાઈ ગયેલાં એડમિશનો મંજૂર રાખી એ પછીની કાર્યવાહી અટકાવી છે; પરંતુ આખો ચુકાદો હજી પેન્ડિંગ છે. હજી એ ચુકાદો આવે એ પહેલાં જ સરકારે ઈબીસી અનામત વિષયક ઐતિહાસિક અને સાહસિક નિર્ણયને એકાએક નિરસ્ત કરવાનો નિર્ણય કેમ લઈ લીધો તે સંશોધનનો વિષય છે. આનંદીબેન પટેલના મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓને ઘણા વિચાર વિમર્શ અને કાયદાકીય સલાહ-સૂચનો પછી લીધેલા નિર્ણયનું શ્રેય મહદંશે એ મંત્રીમંડળની કમિટિના વડા નીતિન પટેલને મળેલું. નીતિન પટેલ હાલમાં રૂપાણી મંત્રીમંડળના નાયબ મુખ્યમંત્રી તરીકે કાર્યરત છે. સુવિદિત છે કે આનંદીબેનના અનુગામી મુખ્યમંત્રીની પસંદગીમાં પણ શરૂઆતમાં નીતિન પટેલનું નામ ઊછળ્યું હતું અને છેલ્લે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે વિજય રૂપાણીને મુખ્યમંત્રી જાહેર કર્યા હતા. કહેવાય છે કે ઈબીસી અનામત મુદ્દે એકાએક લેવાયેલ નિર્ણય બાબતે નીતિન પટેલને અંધારામાં રખાયા હતા. જો એમ જ હોય અને એક વાર મુખ્યમંત્રી સ્તરેથી થયેલ નિર્ણયને લાંબા ગાળાના રાજકીય હિતની દ્રષ્ટિએ નીતિન પટેલના

**તંત્રીસ્થાનેથી...**

દબાણથી ફેરવી તોળવાની નોબત આવી હોય તો એનો અર્થ એટલો જ નીકળે કે સરકારમાં સંકલનની કટોકટી પ્રવર્તી રહી છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને લક્ષ્યમાં રાખી સવર્ણ સમાજને અપાયેલ આશ્વાસન કે જેને આંદોલનકારી પાટીદાર નેતાઓ એ 'લોલીપોપ' કહી વખોડી કાઢ્યું હતું, તેને યેનકેન પ્રકારેણે કાયદાકીય લડત આપીને ચાલુ રાખવાની નીતિથી પાર્ટીને ચૂંટણીમાં સવર્ણોનું સમર્થન સાંપડશે, એવી આશા અલબત્ત વધુ પડતી જ લેખાય. છતાં સુપ્રીમ કોર્ટના આદેશની રાહ જોયા વગર જ પાર્ટીની અગાઉની સરકાર દ્વારા લેવાયેલ લોકપ્રિય નિર્ણયને નિરસ્ત કરવાનું ઉતાવળિયું પગલું પણ શાણપણભર્યું તો ન જ ગણી શકાય. સૌ જાણે છે કે અનામતની સ્વીકૃત ટકાવારીના મુદ્દે ઈબીસી અનામતનો આદેશ બંધારણીય માપદંડો મુજબ ટકી શકે એમ નથી. પરંતુ રાજય સરકાર પોતાના વાજબી અધિકારો વાપરીને તમિલનાડુની સરકારની જેમ કાયદો ઘડવા સક્ષમ છે. દરેક પ્રદેશની એની આગવી સમસ્યાઓ હોય છે. સુપ્રીમ કોર્ટે પણ એટલી છૂટ તો આપે જ કે રાજય સરકારો પોતાની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર કાયદા ઘડી શકે.

# ચંબલના ડાકુઓનું 'જંગલ બચાવો' અભિયાન



વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

વર્ષ ૧૯૬૦, ૭૦, ૮૦, ૯૦ના દાયકામાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને એમ ત્રણ-ત્રણ રાજયની ચંબલ નદીની ખીણોમાં આવેલા જંગલો. ખુંખાર ડાકુઓ વાસ માટે જાણીતાં બન્યાં હતા. પોતાના અંગત લાભ કે સ્વાર્થ માટે નહીં પણ મોટાભાગે સામાજિક ન્યાય કે અસમાનતા સામેની લડત માટે તેઓએ આ માર્ગ પકડ્યો હતો. સમય જતાં આ બધાં ધાકુઓની ગિરોહ રાજય સરકારોની જ સમર્પણ સંધિઓ હેઠળ આત્મસમર્પણ કરી સમાજના મુખ્યપ્રવાહમાં ફરીથી જોડાઈ ગયા. આજે એક સમયના ખુંખાર ડાકુઓ પૈકી ઘણાં સમાજસેવા અને રાજકારણમાં જોડાઈ ગયા છે.

હાલમાં આ પૈકી કેટલાક ડાકુઓએ ફરીથી લડત ઉપાડી છે અને આ વખતનો વિષય છે. ચંબલની ખીમ, ત્યાનું પર્યાવરણ અને જંગલ બચાવવાનો' તેમના આ અભિમન્યુ નામ છે. પહેલે બસાયા બિરડ, અબ બચાયે બિહડ' બિહડ એટલે વન-વગડો, જંગલ. પહેલાં જંગલો વસાવ્યા કે માં વસ્યા, હવે જંગલો બચાવીશું.

શ્રી કલ્પતરુ સંસ્થાન નામની સંસ્થાના સંઘ સ્વયંસેવક શ્રી વિષ્ણુ લામ્બાના અથાગ પ્રયત્નો બાદ આ સમગ્ર વિસ્તાર. ડાકુઓ એક થયા હતા. ગત આંતરરાષ્ટ્રીય વન દિન, ૨૧ માર્ચ ૨૦૧૬ના દિવસે ખુબ જાણીતા ડાકુઓ કે જેમાં બલવંતસિંહ તોમર, પંચમસિંહ, મુન્નાસિંહ મીર્ધા, મોહરસિંહ, શરુસિંહ, મલખાન સિંહ અને ગબ્બરસિંહ જેવા ડાકુઓ અને સીમા પરિહાર, રેણુ યાદવ તથા સરલા યાદવ જેવી ડાકુરાણીઓ પણ તેમાં જોડાઈ હતી. રાજસ્થાનની રાજધાની જયપુર ખાતે ત્યાંના મુખ્યમંત્રીશ્રીએ તેઓએ આવેદન પત્ર આપીને વિનંતી કરી હતી કે એક સમયે ખુબ જ હરિયાળા અને ગીચ ચંબલની ખીણના જંગલો કે જે આજે આડેધડ કપાઈ રહ્યા છે અને ખીણના દુર્ગમ, વિશિષ્ટ, ઉબડ-ખાબડ જમીની ભાગોને સમતલ-સપાટ બનાવીને ખેતરો બનાવવામાં આવી રહ્યા છે. તેને અટકાવવામાં આવે અને આ કાર્યમાં 'વનમિત્ર' તરીકે ડાકુઓને નિયુક્ત કરીને ચોક્કસ જમીન વિસ્તારોના રક્ષણ કાર્ય માટે ફાળવીને જોડવામાં આવે.



ડાકુરાણી સીમા પરિહાર

એક સમયના સેનાની અને ભારત દેશની ઓલિમ્પિકમાં દોડની સ્પર્ધા જેતે સમયે મેડલ અપાવીને ગર્વ અપાવનારા એવા પાનસિંહ તોમર કે જે ત્યારબાદ ડાકુ બની ગયેલા હતા. તેમના ભત્રીજા એવા ડાકુ બલવંતસિંહ તોમરના કહેવા પ્રમાણે અમે એક સમયે વોન્ટેડ હતા. અમારો ભય લોકોને એટલો હતો કે ચંબલની ખીણોના વૃક્ષો કે વનસ્પતિનું એક પત્તુ તોડતાં પણ લોકો ડરતાં હતા. તે સમયે આ ખીણોમાં જંગલ કે વૃક્ષો કાપવાની કે જમીન દબાવી દેવાની કોઈ હિંમત કરતું નહોતું. પરંતુ આજે અહીંયા કોઈ જંગલ બચ્યું નથી. ચંબલ અમારી માતા છે. જો સરકાર ઈચ્છે તો આ જમીનનું રક્ષણ કરવાની જવાબદારી સોંપી શકે છે. અમે આ જમીન પરનું એક પાંદડું પણ કોઈને તોડવા નહીં દઈએ તેનું વચન આપીએ છીએ.

ડાકુરાણી રેણુ યાદવ સહુથી ઓછી ઉંમર ધરાવે છે અને યુવાન છે. તેના ડાકુ કાળના ગુનાઓ માટે તે ૭ વર્ષ જેટલી જેલની સજા ભોગવી ચુકેલ છે. આ ડાકુ રાણી હાલમાં વૃક્ષારોપણ અભિયાનમાં જોડાઈ ગયેલ છે અને વૃક્ષો વાવવા માટે મોટા પાસે લોકજાગૃતિનું કાર્ય કરે છે.

(ક્રમશ)

# ઉરી હુમલો : લાતોનું ભૂત વાતોથી નહિ માને..!!!

ઉરીના આર્મી કેમ્પ પર થયેલા આતંકવાદી (પાકિસ્તાની જ કહી શકાય) હુમલાને આ લખાય છે ત્યારે શનિવારે લગભગ એક અઠવાડિયું પૂરું થવા આવ્યું છે. ભારત અને ભારતીય જનતામાં ગુસ્સો અને રોષ ચરમસીમા પર છે. લોકોની પ્રબળ માંગણી છે કે પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ આપવાનો સમય આવી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બન્યા પહેલાના એમના પાકિસ્તાન અને કાશ્મીર વિશેના જુસ્સાદાર ભાષણો યાદ અપાવાય રહ્યા છે. 'મોદીજી અબ ભાષણ કરને કે બજાય કુછ કરને કા વક્ત આ ગયા હૈ' એવા એલાનો થવા લાગ્યા છે. ઉરી હુમલાના કલાકોમાં જ સરકાર અને સેના કોઈ ઠોસ રણનીતિ પર કામ કરતી હોય એવું દેખાય રહ્યું છે. સેના પ્રમુખે કદાચ પહેલીવાર જ જાહેરમાં કહ્યું છે કે ઉરી હુમલાનો બદલો લેવાનો અમને પૂરો હક્ક છે જ પણ કયા અને કયારે લેશું એ સ્થળ અને સમય પણ અમે જ નક્કી કરીશું. દેશ આખો આ બદલાની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. પાકિસ્તાન પણ ભારતીય સેનાના બદલાયેલા સ્વરૂપને ઓળખી ગયું હોય એમ એલર્ટ છે એવા અહેવાલો છે. યુદ્ધ નહિ તો છમકલારૂપી બોમ્બ ટીક ટીક કરવા માંડ્યો છે અને ગમે ત્યારે ફૂટી શકે છે. મોદી સરકારને પણ કદાચ એટલું તો સમજાય ગયું છે કે શાલ, સાડી કે મિલન-મુલાકાતોથી પાકિસ્તાન સમજે એવું નથી એટલે સરકારે પણ સેનાને છુટ્ટો દોર આપી દીધાનું દેખાઈ રહ્યું છે. ઉરી હુમલાના બીજા જ દિવસે ૧૦ ત્રાસવાદીઓને એલઓસી પર ઢાળી દીધાના સમાચાર કદાચ આની જ પ્રતિક્રિયા હતી. જો કે સેના કરતા સરકાર પર વધુ અને બેવડો દબાવ છે, એક તો પ્રજજાના ગુસ્સાને શાંત પાડી શકાય એવું કોઈ કદમ ઉઠાવવું જ પડશે અને બીજું કે એ કદમ એવું હોવું જોઈશે કે જેનાથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અત્યારે જે વિકસિત ભારતની તસ્વીર બની રહી છે એને કોઈ નુકશાન ના પહુંચે...! બહોત કઠીન યે પ્રશ્ન હૈ ભૈયા જેવું વાતાવરણ છે...!

ભાજપ અને ખાસ કરીને નરેન્દ્ર મોદી જો કોંગ્રેસને હટાવીને સત્તા પર આવ્યા હોય તો એમાં બે વસ્તુએ મહત્વનો ભાગ ભજવેલો. એક તો પાછલી સરકારે કરેલો બેફામ ભ્રષ્ટાચાર અને બીજું અને વધુ અગત્યનું પાકિસ્તાનને જવાબ દેવાની પાછલી સરકારની નાકામી. વડાપ્રધાન બન્યા પહેલા મોદીએ કરેલા દરેક ભાષણોમાં જે રીતે એમણે પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ આપવાની વાત કરેલી એ જોમ અને જુસ્સો કદાચ સૌથી વધુ મતદારોને આકર્ષી ગયેલો એમાં કોઈ બેમત નથી જ. મતલબ કે ભાજપ અને નરેન્દ્ર મોદીને મળેલી સત્તામાં પ્રજાનો એક મેન્ડેટ એ પણ હતો કે સત્તા પર આવ્યા પછી પાકિસ્તાનરૂપી હરામખોર દેશને એમની જ ભાષામાં જવાબ આપવો, પાકિસ્તાન મામલે જે ભૂલો આગલી સરકારે કરેલી એ ભૂલો આ સરકાર ના દોહરાવે એ પણ એ મેન્ડેટનો એક છૂપો સંદેશ ગણો કે આદેશ ગણો એ હતો જ. મોદી અને એમની સરકાર પર આ મેન્ડેટને અમુક અંશે વ્યાજબી ઠરાવવાનું દબાણ પણ બનેલું છે અને આ લખનાર સહીત આમ હિન્દુસ્તાની ચોકકસપણે માને છે કે પાકિસ્તાનને જવાબ દેવાનો સમય આવી ગયો છે. પણ જેમ સેના પ્રમુખે કહ્યું એમ ક્યાં અને ક્યારે એનો ઈન્તેજાર તો કરવો જ રહ્યો...!

ઉરીના હુમલા પછી પાકિસ્તાનને સબક શિખવાડવાના જુદા જુદા રસ્તાઓ પર ચર્ચાઓ થઈ રહી છે. એક વાત નોંધવી રહી કે આગલી સરકારો (કે જેમાં વાજપેયીની સરકાર પણ આવી જાય છે) કરતા આ સરકાર આ મામલે વધુ સંયમિત છે એ સારી વાત છે અને એનું કારણ પણ છે. આજે ઈવન અમેરિકા જેવો દેશ પણ ખુલ્લેઆમ યુદ્ધ કરતા પહેલા સો વાર વિચાર કરે છે એવા સમયે કોઈ પણ દેશ પાસે યુદ્ધ સિવાયના વિકલ્પો પણ હોય જ છે. સરકાર કદાચ લશ્કરી આક્રમણના વિકલ્પને અજમાવતા પહેલા કુટનીતિક લડાઈ લડી લેવા માંગતી હોય એવું લાગે છે. પાકિસ્તાન આતંકની ફેક્ટરી છે એવું તો બધા દેશોને ખબર છે એમાં પાકિસ્તાનના હમદર્દ એવું અમેરિકા પણ સામેલ છે પણ દુનિયાની ભૂગોળની મજબૂરી આ દેશોને ખુલ્લેઆમ બોલતા રોકે છે. હવે પહેલાની જેમ રશિયા અને અમેરિકા કેમ્પ એવા બે જ કેમ્પોમાં દુનિયા નથી વહેચાયેલી પણ ચીન, યુરોપ અને આરબ રાષ્ટ્રો જેવા બીજા કેમ્પો પણ છે. દરેક દેશોને પોતપોતાના સ્વાર્થ અને મજબૂરી છે પછી ચાહે એ અમેરિકા હોય, રશિયા હોય, ચીન હોય કે પછી આરબો હોય. એવામાં દુનિયામાં પાકિસ્તાનની હલકટાઈની સાબિતીઓ આપવાનું કામ આસાન નહિ પણ મુશ્કેલ જ રહેવાનું જ. છતાં પણ આંતરરાષ્ટ્રીય નિયમો અને એક જિમ્મેદાર અણુ નેશન તરીકે ભારત પૂર્ણ યુદ્ધ કરતા પહેલા દુનિયાને એક તક આપવાનું વિચારી રહ્યું હોય એવું દેખાઈ રહ્યું છે.

રાજકારણથી પર રહીને પણ એક વાત તો સ્વીકારવી જ રહી કે ચાહે કોંગ્રેસ શાશન હોય કે ભાજપ સરકાર બધી જ વખતે પાકિસ્તાની નાપાકોના હુમલાઓ ચાલુ જ રહ્યા છે અને લગભગ બધી જ સરકારે પાકિસ્તાનને એની રીતે જવાબ આપવાની કોશિશો કરેલી જ છે પછી ચાહે એ શાસ્ત્રીજી હોય, ઈન્દિરાજી હોય કે પછી વાજપેયી હોય. પણ અત્યારે સમય જુના મડદા ઉખેલ્વાનો તો નથી જ પણ ચોક્કસપણે પાકિસ્તાની હરામખોરોને એમની ઓકાત યાદ કરાવી દેવાનો છે. પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારના સંબંધોનો અંત કરવાનો સમય આવી ગયો છે. આવા નાલાયક પાડોશી હોવા કરતા તો ના હોવા વધુ સારા.સેના સર્જીકલ સ્ટ્રાઈક પર ગંભીરતાથી વિચારી રહી છે અને જે રીતે સરકારનું પીઠબળ છે એ જોતા આગામી દિવસોમાં કોઈ નક્કર કાર્યવાહી થવાની એ વાત ચોક્કસ છે. સંસદ પર થયેલા હુમલા પછી આનન-ફાનનમાં 'ઓપરેશન પરાક્રમ' ના નામે સરહદ પર ૩૦ લાખની સેના ગોઠવી દીધેલી પણ એ સેનાને કશું કરવાના ઓર્ડર નહોતા. જો કે આજે સમય અને સરકાર બંને બદલાઈ ગયા છે અને ભારતીય સેના વધુ મુસ્તેદ અને પાકિસ્તાનને પાઠ ભણાવવા વધુ સક્ષમ છે એમાં કોઈ બેમત નથી જ પણ પાકિસ્તાન જેવા બીમારુ અને નાલાયક દેશને બરબાદ કરવા માટે યુદ્ધ જેવો મોંઘો વિકલ્પ પસંદ કરવા કરતા બીજા રસ્તાઓ પણ છે અને અમેરિકા જેવા દેશો પણ દુશ્મન દેશો સાથે આવા રસ્તાઓ વાપરતા આવ્યા જ છે. જેમ કે પાકિસ્તાનને આર્થિક રીતે કંગાળ કરવા આંતરરાષ્ટ્રીય મદદ બંધ કરાવવી, પાકિસ્તાનને આતંકવાદી રાષ્ટ્ર ઘોષિત કરવું, પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારના વ્યાપાર કે બીજા સંબંધો બંધ કરવા અને આખરી અને જરૂરી રસ્તો સર્જીકલ સ્ટ્રાઈક કે પછી આપણી સરહદમાં ચોક્કસતા અને



રજળપાટ
અજય ઉપાધ્યાય

ત્રાસવાદીઓને વીણીવીણીને ઠાર કરવાની નીતી વધુ અસરકારક છે એવું સૈન્ય વિશ્લેષકો પણ માની રહ્યા છે.

ઉરીના આતંકી હુમલાએ આખી દુનિયાનું ધ્યાન ભારત-પાકિસ્તાન પર કેન્દ્રિત કરાવી દીધું છે. દરેક દેશો ઉચ્ચક નજરે ભારતની આગામી ચાલ પર નજર રાખી રહ્યા છે. શું યુદ્ધ થશે? આ સવાલ ભારતીય જનતા જ નહિ પણ પુરા વિશ્વની જનતાના દિમાગમાં ઘુમરાય રહ્યો છે. બીબીસીનો અહેવાલ જણાવે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ફૂલ ફ્લેઝડ યુદ્ધની કોઈ શક્યતા નથી જ અને એનું કારણ પણ છે કે કોઈ પણ યુદ્ધ દેશને ૨૦-૩૦ વર્ષો પાછળ ધકેલી શકે એટલી એની ખરાબ અસરો હોય છે અને એ ભારત પાકિસ્તાન કરતા સારી રીતે જાણે છે. યુદ્ધની વ્યાપક અસરો થાય છે એ હકીકત છે પણ પછી ક્યાં સુધી માનવતાના નામે હુમલો કરવાનું માંડી વાળીને નિર્દોષ સૈનિકો કે નાગરિકોનું બલિદાન સહન કરીશું ?અને એની આડમાં પાકિસ્તાન આજે ઉરી તો કાલે કોઈ બીજું ઉંબાડિયું કર્યા કરે એની રાહ જોયા કરીશું ? પ્રજાનો રોષ એની જગ્યાએ અને વ્યાજબી છે પણ આટઆટલા યુદ્ધો પછી પણ પાકિસ્તાની પૂછડી સીધી નથી થઈ તો એ આંતરરાષ્ટ્રીય દબાવ કે કુટનીતિથી સીધી થશે એ માનવું ભૂલભરેલું છે. વાજપેયીએ ભલે ને ૨૦૦૨ માં કહ્યું હોય કે 'જંગ નહિ હોને દુંગા ' પણ આટઆટલા જંગ પછી પણ સાવ કંગાળ થઈ ગયું હોવા છતાં પાકિસ્તાનની કાશ્મીરનીતિમાં કોઈ ફેર નથી પડ્યો તો હવે ' યુદ્ધ એ જ કલ્યાણ ' જ શ્રેષ્ઠ છે પછી ભલેને એ હાથોહાથની નહિ તો સર્જીકલ સ્ટ્રાઈક હોય કે પછી પીઓકે પર આક્રમણ હોય. જો પાકિસ્તાની સેના આપણી સરહદમાં કારગીલમાં ઘુસી શકતી હોય તો આપણે તો પીઓકેમાં ઘુસી જ શકીએ ને ? કેમ નહિ ? પાકિસ્તાન 'લાતો કે ભૂત છે બાતો કે નહિ' એટલી સાદી સમજ તો હવે આમ લોકોમાં પણ આવી ગઈ છે અને આમેય પાકિસ્તાન લાખ કોશિશો છતાં એની હલકટાઈ છોડવાનું નથી જ. એટલે નરેન્દ્ર મોદીને એમના જ શબ્દો વારંવાર યાદ અપાવવા જરૂરી જ બને છે કે 'પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ આપવો પડે... આપવો પડે અને આપવો જ પડે ..!!!'

# ધણિયાતા ઢોરોના ત્રાસની નધણિયાતી ફરિયાદો

આજકાલ ગાંધીનગરના રસ્તાઓ ઉપર ચાલતા રાહદારીઓ અને વાહનસવારોની માઠી દશા બેઠી છે. લોકોએ ટ્રાફિક, રઝળતા ઢોરો અને સીસીટીવી કેમેરા આ ત્રણેયનું ધ્યાન રાખીને જવું પડે છે. ઉમાશંકર જોષીના 'વિશ્વશાંતિ' કાવ્યની આ પંક્તિ 'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી, પશું છે, પંખી છે, પુષ્પો, વનોની વનરાજી' વાંચી ત્યારે મનમાં મને પણ આ પંક્તિઓ સ્ફૂરી. 'વિશાળે પાટનગર રસ્તે, નથી તું એક જ રાહદારી, ગાયો છે, ગોધા છે, શ્વાનો, બાઈકોની છે સવારી. ચાલો ત્યારે સ્મરણ રહે હર પળે, નથી જ કોઈ અહીં જે, આ સર્વથી રક્ષે તને.' આજકાલ ઘણા નગરવાસીઓને પણ આવું સ્ફૂરવા લાગ્યું છે. આમે ય અહીં સાહિત્યકારો પ્રચુર માત્રામાં છે. કેમ ન હોય? નિત્શે એ નથી કહ્યું ? 'તમારે કવિ બનવું છે ? કયાં છે તમારા જખ્મો?' જો કે સાહિત્યકારો ઉપરાંત પ્રચુર માત્રાના જખ્મીઓને કારણે શહેરમાં ઓર્થોપેડિક દવાખાનાઓ અને આઈસીસીયુની સંખ્યા પણ વધી છે. એનો યશ જાય છે, નધણિયાતા (દોહવાના સમયને બાદ કરતાં બાકીના સમય માટે) અને રસ્તાઓ વચ્ચે બેસતા, સૂતા, ઘૂમતા એવા ધેનુઓનાં ધણને તેમજ દ્વંદ્વયુદ્ધ માટે સદૈવ તત્પર રહેતા અને રાહદારીઓ તથા વાહનચાલકોને ફંગોળતા, કચડતા આખલાઓને, કસસનદાસ માણેકની ગઝલની એક પંક્તિ છે,

'કામધેનુ મળે ના એક સૂકું તણખલું, ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે!' એ યાદ કરતા હવે એવી સ્ફૂરણા થાય છે કે, 'નાગરિકોને ગમે ન ચાલવાનું જયા, ફૂટપાતો ગંદી સૌ ગાય અને આખલા કરી જાય છે.'

આજકાલ શહેરમાં કેટલાય બાઈકો/સ્કૂટરો અને (કવચિત કાર પણ) ફૂટપાથો પર ચાલે છે. મોટાભાગના લારી ગલ્લા ફૂટપાથો પર ચાલે છે. ફૂટપાથ નજીક ઝૂંપડામાં રહેતા કેટલાકને ધંદો પણ ફૂટપાથ ઉપર 'હોમ ઑફિસ' ખોલી હોય તેમ ચાલે છે. હવે તો રખડૂ ઢોરો પણ ફૂટપાથો પર ચાલે છે. માત્ર રાહદારીઓ જ ફૂટપાથ પર ચાલતા નથી. સોરી, એમ કહેવું જોઈએ કે, એટલે જ સ્તો રાહદારીઓ ફૂટપાથ પર ચાલી શકતા નથી. અમારા મિત્ર કાંતિ 'કડછા'નું એવું સૂચન છે કે, રસ્તાઓ ઉપર ચાર ફૂટપાથો બનાવવી જોઈએ. એક દ્વિચક્રીય વાહનો માટે, બીજી ઢોરઢાંખર માટે, ત્રીજી કાર અને ભારે વાહનો માટે અને ચોથી રાહદારીઓ માટે. મેં પૂછ્યું; 'આટલી બધી ફૂટપાથો માટે જગ્યા જ કયાં છે?' એણે જવાબ આપ્યો, 'પછી રસ્તાની જરુર જ શી છે?'

ગાંધીનગરમાં અત્યાર સુધી શ્વાન પ્રજાતિના ત્રાસ સામે ફરિયાદ હતી. હવે ગાય અને આખલાઓની પ્રજાતિએ પણ માનવ પ્રજાતિ સામે શીંગડા ભરાવ્યા છે. આ પાટનગર હોઈ, પાંચથી વધુ માણસોને એકઠાં થવા ઉપર વારંવાર પ્રતિબંધ મૂકાય છે. હવે ઢોર માટે ય આવી કોઈક જોગવાઈ થાય તો સારું. બંધનાવસ્થામાંથી મળેલ સ્વતંત્રતાનો આનંદ માણવા નીકળી પડતા ઢોર આખો દિવસ નાગરિકોનો આનંદભંગ અને કયારેય અસ્થિભંગ પણ કરી દે છે, અલબત્, પ્રજાજનોને ભયરુપ થઈ પડતા હરાયાં તત્વોમાં માત્ર ઢોર જ ન આવે. બીજી ઊંચી પ્રજાતિઓમાં પણ અમુક હરાયાં હોઈ શકે છે. રાહદારીઓને ભયજનક સાબિત થનાર આવી એક નિર્જીવ પ્રજાતિમાં બાઈકનો સમાવેશ ખુશીથી કરી શકાય તેવું કાંતિ 'કડછા'નું માનવું છે.

કટાક્ષિકા
'હંસ' ગાંધીનગરી

રસ્તા વચ્ચે ટોળામાં બેસી રહેતા ઢોરોનાં કારણે રોડ પરનો ટ્રાફિક બ્લોક થઈ જાય છે, તેવી ફરિયાદો અખબારોમાં વાંચીને અમારા મિત્ર ચંદુ 'ચોવટીયા' ને એક સાવ મૌલિક આઈડિયો સૂઝ્યો. એણે સૂચન કર્યું છે કે, આજકાલ ગાંધીનગરમાં રાજયભરમાંથી લોકો પોતાનું શક્તિપ્રદર્શન કે સત્યાગ્રહ કરવા રેલી લઈને આવતા હોય છે. એમને કાબૂમાં રાખવા પોલીસ તંત્રે અમુક પ્રવેશમાર્ગો પર રોડ બ્લોક કરવા લોખંડની જાળીઓ ગોઠવવી પડે છે. પરંતુ તે એટલી બધી અસરકારક રહેતી નથી. તેને બદલે જો મનપા દ્વારા આવા રખડતા ઢોરોને પકડી એક જગ્યાએ જમા કરી, પોલીસનું માંગણીપત્રક આવે ત્યારે તેટલી સંખ્યામાં નિયત સ્થળે, આઠ-દશ ઢોરોને રોડ પર ગોઠવી દેવામાં આળે તો બહુ જ સોલિડ રીતે રોડ બ્લોક થઈ જાય. જો કે, ત્યાં થોડું થોડું ઘાસ નીરતા રહેવું પડે અને બે-ત્રણ કદાવર આખલાઓ પણ સપ્લાય કરવા પડે. અલબત્ત, આ પ્રોજેક્ટમાં ખામી એ છે કે પછી સત્યાગ્રહીઓ પણ પોલીસને રોકવા એ જ યુક્તિનો ઉપયોગ કરે એવી ભીતિ રહે ખરી. ધરણા કરવા માણસોનો ઉપયોગ કરવો હોય તો પોલીસની પરવાનગીની જરુર પડે. પણ ઢોરનો ઉપયોગ કરવો હોય તો તે માટે જોગવાઈ નથી. આમે ય કેટલાક લોકો આજકાલ કોઈ મહત્ત્વાકાંક્ષીનો 'રોડ બ્લોક' કરવા નકામા માણસોને ભેગા કરીને રસ્તા વચ્ચે રોડાં નંખાવે જ છે ને!

કેટલાક લોકોની એવી દલીલ છે કે આ તકલીફ કામચલાઉ છે. ચોમાસા પુરતી જ. બાકી પરિસ્થિતિ કાશ્મીરની માફક નિયંત્રણમાં છે. મચ્છરના ત્રાસથી ઢોરો રસ્તા ઉપર આવી જાય છે. (ને માણસો રસ્તા ઉપરથી હોસ્પિટલના બેડ ઉપર આવી જાય છે.) એટલે આવું બને. પરંતુ એવું ન બને કે પ્રજાજનો ઢોરના ત્રાસતી બચવા સચિવાલયમાં કે મનપાની ઑફિસમાં ટોળે વળીને બેસી જવા આવે.

દલપતરામે સવૈયા એકત્રીસામાં અંગ્રેજ શાસન વખતે દેશમાં કાયદો અને વ્યવસ્થાની સુધરેલ પરિસ્થિતિને પ્રશંસતા લખેલ એક કાવ્યની પ્રખ્યાત પંક્તિ છે. 'દેખ બિચારી બકરીનો કોઈ ન જાતા પકડે કાન, એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન.' આજે દલપતરામ ગાંધીનગરમાં હોત તો લખત, 'ત્રાસ હરાયા ઢોર તણો, કોઈ ન લાવી શકતા અંત, એ મોળપ ગણી, મનપાની, પસ્તાય હવે સૌ શહેરી જન.'